## નં. ૧૦૧ નિર્લાંછણકર્મ

નિર્લાંછણ કર્મ કીધાં ઘણાં, પાપ કર્યાં અતિ જેહ
પશુ રીબાવતા માનવી, નપુંસક કરતા તેહ.
ટોચી-ટોચી બહુ દુભવ્યા, મુંગા પ્રાણી રોજ
શું ભયંકર માનવી, કરે નહીં આતમ ખોજ.

નિર્લાંછન કર્મ એટલે બળદ, પાડા, વિગેરેની ખસી–આને ઇંદ્રિય છેદન કરવી તે. મનુષ્ય પોતાના સ્વાર્થ માટે બિચારા અબોલા પશુઓને નપુંસક બનાવી અઘોર કર્મનો ભાગીદાર થાય છે. શું આ મનુષ્યની માનવતા છે. ?

## સ્વાર્થ વશ–

કીરપાળ સ્વભાવથી ક્રોધી, ગામડે ગામડે ફરે અને નિર્લાછણ કર્મ કરવામાં તત્પર રહે. મળવાના તો માત્ર પાંચ રૂપયા પણ એ રૌદ્રધ્યાની હોવાથી એને એજ કર્મ અપનાવ્યું.

મનુષ્ય જન્મથી ચંડાલ નથી પણ કર્મથી ચંડાલ છે. કીરપાળ જાતનો ઉંચો પણ કર્મથી ચંડાલતુલ્ય છે. કીરપાળ ભૌતિક સુખના સ્વપ્નામાં બધું ભૂલી ગયો.

એક વખતે એક બળવાન બળદીઆને બાંધ્યો અને નીચે પાડી કીરપાળ તેને નપુંસક બનાવે તેટલામાં બળદીએ ઉછલીને લાત મારી તે કીરપાળને પેટમાં વાગી. અને તેની આંતરડી તુટી અને તરત જ તે મરણ પામી અધોગતિએ ગયો.

## નં. ૧૦૨ નિર્લાંછણ કર્મનું ફળ

જઈ નરકમાં નિકળ્યા, પરમાધામી પાસ,
વાંકો રાખી પાપીને, મુકે કરવત તાસ.
કાપી કાયા ધીરે રહી, ઉપર મુકયો ખાર,
રીબાવી ઘણો જીવને, દીધું દુઃખ અપાર,

ત્યાં નરકાવાસમાં પરમાધામીઓ તે પાપીને વાંકો કરી તેના ઉપર કરવત મુકી તેને ચીરી નાખે છે, ઉપરથી ખાર નાંખી રીબાવે છે, તે વખતે જીવડો આકુલવ્યાકુલ થઈ ત્રાહિ-ત્રાહિ કરે છે; પણ આ ભોગ ભોગવ્યા સિવાય છુટકો નથી,

નપુંસકં તુ કુર્વન્તિ, યે જનઃ હિ નરાધિપઃ
વિપુલાનન્ત વર્ષાણિ. મહાનરકે પચ્યતેઃ

જ્ઞાત સંહિતા શ્લોક ૮૯

હે રાજન! જે માણસો પોતાના ક્ષણિક સ્વાર્થ માટે અબોલા પશુઓને નપુંસક બનાવે છે; તે ઘણાં વર્ષો સુધી મહાનરકમાં નિવાસ કરી ત્યાંની મહાવેદનાઓ અનુભવે છે.

કર્મ નિર્લાંછન મા કુરૂ, રે આતમ તું જાગ,
પર પીડા ઉપજાવીને, બાંધે રોરવ કર્મનો ભાગ,

અહિંસા એ ધર્મનું લક્ષણ છે; અને પ્રાણીનો વધ કરવો એ હિંસા અધર્મ છે; તેથી ધર્મના અર્થી લોકોએ પ્રાણિઓ ઉપર દયા કરવી.

卐



## નં. ૧૦૩ મધ પાડનાર

મધુ પુડા પાડયા, ઘણા; સળગાવીને આગ.
લોભ લાભને કારણે, માર્યા જીવ અથાગ.
કાયાના સુખ કારણે, ચાટયા મધ સુપ્રેમ.
જીવો હણાતા ના દેખીયા, નિજ કાયાનો પ્રેમ.

હે જીવ રસનાના રાગમાં તું અનેક જીવોનો સંહાર કરી મધ પ્રાપ્ત કરવા ઇચ્છે છે. આગ લગાડે છે. તે વખતે બિચારા તેમના નાના બચ્ચાઓ પણ સ્વાહા થાય છે. તે તારી આંખો સામે તડફડતા જીવો તું જુએ છે. પણ તારા દિલડામાં દયા આવતી નથી.

## મીઠું લાગે છે

સવાર થઇ કે ચાંપો મધ લેવા ચાલ્યો. એક હાથમાં અગ્નિનો કાકડો અને બીજા હાથમાં માટીનું માટલું. વનવગડામાં જઈ વડના ઝાડ ઉપર ચઢયો.

જયાં ભમરાઓનું મધ હતું ત્યાં તેની પાસે જઈ ચાંપાએ આગ લગાડી અને ધુમાડો કર્યો. તેથી બિચારા ભમરાઓ ગભરાઇ ને ભાગી ગયા પણ તેમના બચ્ચાઓ મધમાં હતાં.

પાપીને દયા ન હોય. તે તો મધ લઇને ચાટે છે. અને કહે કેવું મીઠું લાગે છે. ખુશી થતો તે ચાંપો મધ લઈ ઘેર આવ્યો.

ખોટા વ્યવસાયનો અને ખોટા ધંધાનો ખોટો પરિપાક, અન્તસમયે શરીરમાં કોઢ રોગ ફાટી નિકળ્યો અને અન્તે ચાંપો મરણ પામી અધોગતિએ ગયો.

# નં. ૧૦૪ મધ પાડવાનું ફળ

જઈ નરકમાં ઉપન્યાં, ફેંક્યાં અગ્નિ માંય
હડ હડેતી તે આગમાં; તડફડતી તેની કાય.
પરમાધામી ક્રોધથી, મારે તડ-તડ માર.
દુખ દાવાનળ પ્રગટીયો, ત્યાં કોણ કરે તેનો ઉધ્ધાર.

હે જીવ મધ ખાતી વખતે તું ખુશી થઈને કહેતો હતો કે મીઠું લાગે છે. તો હવે શામાટે ઘબરાય છે. અગ્નિમાં પડયો પડયો બુમો કેમ પાડે છે. પરમાધામીના માર અને ત્રાસથી રડતો, રીબાતો રાડ પાડે છે.

યો દદાતિ મધુ શ્રાદ્ધે, મોહિતો ધર્મ લિપ્સયા.
સ યાતિ નરકં ઘોરં, સ્વાદકૈઃ સહ લમ્પટૈઃ

મહાભારત શાન્તિપર્વ અ. ૧૭ શ્લોક. ૨૪

જે પુરૂષ ધર્મ પામવાની ઈચ્છાથી, મોહ પામીને શ્રાધ્ધમાં મધને આપે છે. તે પુરૂષ, મધના સ્વાદમાં લંપટ થયેલા તેના ખાનારાઓની સાથે, ઘોર નરકમાં જાય છે.

ઔષધના માટે પણ ખાધેલું મધ નરકનું કારણ થાય છે. કેમકે કાલકૂટ ઝેરનો કણીયો પણ ખાધો હોયતો તે પ્રાણના નાશને માટે થાય છે.

યોગશાસ્ત્ર પ્ર. ૩ શ્લોક- ૩૯

અહો ! ખેદની વાત છે કે અજ્ઞાની જનો મધની મધુરતા વર્ણવે છે; કે જેના ભક્ષણથી ચિરકાળ સુધીની તેને નરકની વેદનાઓ (દુઃખો) પ્રાપ્ત થાય છે. ૪૯

પાંગળાને મારનાર અને પેટભરાની ગતિ



## નં. ૧૦૫ પાંગળાઓને મારનાર

મુંગાં પાંગળાં રખડતાં, ભૂખ્યાં તરસ્યાં રોજ.
કર્મવશ તે કૂબડા, પામે ક્યાંથી ભોજ.
શાણી માનવ જાતની, કરે ક્રોધને શોર.
લઈ લાકડી મારતા, દયામાં તે કમજોર.

પૂર્વકર્મના ઉદયથી ઘણા જીવો લૂલા, પાંગળા, કૂબડા અને કોઢીયા થઈ અસહાય થએલા રખડયા કરે છે. તેવા પ્રાણીયોને લાકડી લઈ મારનારા અને ત્રાસ આપનારા અધોગતિને પામે છે.

## વીર ન કહેવાય

ગુમાનથી ભરેલો ગુમાનસિંહ પોતાને નગરનો દાદો સમજે, સજજન માણસોને ત્રાસ આપે, ગાળો આપે; અને ઉપરથી અસભ્ય વ્યવહાર કરે.

એક દિવસની વાત છે. બપોરના કોઇ ઠેકાણે જમણ હતું, તેમાં બિચારા લૂલા લંગડા અને કોઢિયાઓ ભેગા થઈ માગવા આવ્યા હતા તેમાં તેમને વીરતા દેખાડતો ગુમાન-સિંહ લાકડી લઈને બિચારાઓને ઘણો માર મારવા લાગ્યો. તેમાં ઘણાને ઇજા થઈ અને પોતાના પ્રાણ બચાવવા ભાગી ગયા.

તેમાં કોઇ એક સજજને કહયું ગુમાનસિંહ ! એથી તું કોઈ વીર ન કહેવાય, પરદુખભંજન વાસ્તવિકમાં વીર કહેવાય છે.

ભયથી ત્રાસ પામેલા પ્રાણીઓને જે અભયદાન આપવું તેના કરતાં બીજો કોઈ આ પૃથ્વી પર શ્રેષ્ઠ [illegible] ગુમાનસિંહ પણ મરીને અધોગતિને પામ્યો.

## નં. ૧૦૬ પાંગળાઓને મારવાનું ફળ

જઈ નરકમાં નીકળ્યા, પડિયા ઉંધે માથ.
નાગ વિંટાણો અંગમાં, મારે ડંખો ગાથ.
મારે ઝીણા હથીયારથી, કરતા ઉંડા ઘાવ.
પરમાધામીના મારથી, ચઢતા હરદમ તાવ.

નરકાવાસમાં પરમાધામીઓ સર્પનું રૂપકરી સારા અંગમાં વિંટાઇ ડંખ મારે છે. અને ઉપરથી તીક્ષ્ણ શસ્ત્ર વડે પ્રહાર કરે છે. ડંખ અને મારના જખ્મથી શરીર જર્જરિત થઈ જાય છે.

હીન, હીણને મારતો, દયા નહિ લવલેશ.
રે આતમ ! વિપાક ફળ; તું ભોગવ તજ આવેશ.
દયાહીનં નિષ્ફલંસ્યાન્નાસ્તિ ધર્મસ્તુ તત્ર હિ ।
એતે વેદા અવેદાઃ સ્યુર્દયા યત્ર ન વિદ્યતે ।।

પદ્મ પુરાણ અ. ૩૬ શ્લો. ૪૧

દયા વિનાનાં સર્વ કાર્ય નિશ્ફળ છે. જ્યાં દયા નથી ત્યાં ધર્મ પણ નથી. જેમાં દયા ન હોય તે વેદો પણ અવેદરૂપજ છે. એમ જાણવું તાત્પર્ય કે-જેમાં દયા ન હોય તે વેદ જ ન કહેવાય વેદમાં દયા જ છે.

જે મનુષ્ય, પ્રાણિઓને બંધન વધ કે બીજું કોઈ પણ પ્રકારનું દુઃખ આપવા ઇચ્છતો નથી, તે મનુષ્ય સર્વ પ્રાણિઓના હિતને ઇચ્છતો હોવાથી અત્યંત સુખને ભોગવે છે.

મનુસ્મૃતિ,



## નં. ૧૦૭ એક પેટભરો

દુબળાને વળી દર્દિની, દિલમાં દયા ન ભાવ.
તેવા ભુખ્યા માનવી, દુખ દરિયામાં નાવ.
પોતે કાયા સાચવે, માલ મશાલા ખાય,
બીજાને આપે નહી, પેટ ભરો કહેવાય,

રોગી, દુખી, દરિદ્રી મ્લાન દીન અને હીનને જોઇ દયા ઉત્પન્ન ન થાય, માત્ર પોતાનું પેટ ભરવું એ જ સાચું સુખ સાધન સમજે તેવા જીવો સંસારમાં જીવતા છતાં મૃત કહેવાય છેઃ અને અન્તે અધોગતિમાં જાય છે,

## નામ મોટા અને દર્શન ખોટા

નામ તો ગંભીરભાઇ પણ બિચારા નોકરો અથવા ગરીબ માણુસને એક ફુટી કોડીપણુ ન આપે; માત્ર પોતાનો જ સ્વાર્થ સાધે, અને કોઇ બીજા આપતા હોય તો તેના પેટ ઉપર લાત મારે,

ખાધું પીધું હા ખંતથી, જાડા અને પાડા થવા
પરપિંડને પોશ્યો નહી, જાડા થયા ઝખમારવા,

દીકરાના લગ્ન હતાં; જમવા માટે અનેક પકવાન બનાવ્યાં પણ ગંભીરભાઈની આત્મા તડફડથી હતી, કારણ ગરીબોને અંદર ન આવવા દેવા માટે ભૈયાને લાકડી લઈ બાર બેસાડયો; કામ પત્યું પણ કોઇને ખાવા ન આપ્યું અન્તે ગંભીરભાઇ દુર્ધ્યાનથી મરી અધોગતિમાં ઉત્પન્ન થયો.